<u>**તા.૭ જાન્યુઆરી ૨૦૨૩ જ્ઞાનોત્સવ સમાપન સમારોહ**</u>

તા.૭ જાન્યુઆરી ૨૦૨૩ના જ્ઞાનોત્સવના સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન **લોકસભાના સાંસદ મા. શ્રી મનસુખભાઇ વસાવા**, ભરૂચના ધારાસભ્ય **શ્રી રમેશભાઇ મિસ્ત્રી**, **શ્રી પ્રકાશભાઇ પટેલ** (પ્રમુખશ્રી ભરૂચ શહેર ભાજપા), **શ્રી નરેશભાઇ સુથારવાલા** (ભ.ન.પા.કારોબારી સમિતિ અધ્યક્ષ), **શ્રી ભાવિનભાઇ પટેલ** (ભ.ન.પા.દંડકશ્રી), **શ્રી ધર્મેશભાઇ પટેલ** (કારોબારી સભ્યશ્રી), **વિશ્રુતિ દૂધવાલા** તથા વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનો **શ્રી દુષ્યંતભાઇ સોલંકી**, **શ્રી બિપીનભાઇ પટેલ, મા.શ્રી ભૂપેન્દ્રભાઇ ગઢવી** (T.D.O), **શ્રી મહેશભાઇ ઠાકર** (આચાર્યશ્રી નારાયણ વિદ્યાવિહાર, ભરૂચ), **શ્રી રાજુભાઇ કાસુન્દ્રા** (પ્રાચાર્ય શ્રી માધવ વિદ્યાપીઠ કાકડકુઇ), **શ્રી બેચરભાઇ રાઠોડ** તથા શાળાના પ્રમુખ **શ્રી જયંતિભાઇ પંચાલ**, ચેરમનશ્રી **હેમંતભાઇ પ્રજાપતિ** વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સમાપન સમારોહમાં **લોકસભાના સાંસદ મા. શ્રી મનસુખભાઇ વસાવા**એ આગેવાનોની ઉપસ્થિતિમાં પ્રોજેકટ પ્રદર્શનની સરાહના કરતા કહ્યું હતું કે, આપણે શ્રેષ્ઠ સાંસ્કૃતિક વારસો ધરાવીએ છીએ, શિક્ષણ માણસને શ્રેષ્ઠતા આપે છે. નારાયણ વિદ્યાલયના વિદ્યાર્થીઓમાં રહેલી શકિતઓને બહાર લાવવાનો સુંદર પ્રયાસ કર્યો છે. શાળા સંચાલકો અને શિક્ષકોની સરાહના કરતા કહ્યું હતું કે કોઇ બાળકનું ઘડતર કરવા જેવી બીજી કોઇ ભકિત નથી. ભરૂચ જિલ્લાના ઉદ્યોગોમાં કી પોસ્ટ પર ગુજરાતી હોય તેવું સ્વપ્ન હોવાનું જણાવી તેમણે ગુજરાતમાં યુપીએસસી ની પરીક્ષાઓ માટે શાળાઓમાં તાલીમ આપવા પર ભાર મુકયો હતો. દેશને સમૃધ્ધ બનાવવા આત્મનિર્ભરતા જરૂરી હોવાનું જણાવી આ કાર્ય શિક્ષણના માધ્યમથી જ થઇ શકે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

ભરૂચના <u>ધારાસભ્ય **શ્રી રમેશભાઇ મિસ્ત્રી**એ</u> પણ જ્ઞાનોત્સવની સરાહના કરી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિનંદન આપ્યા હતા. કાર્યક્રમનાં સમાપન સમારોહ કાર્યક્રમમાં **ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી કિશનભાઇ વસાવા**સાહેબ તથા શિક્ષણ નિરીક્ષકશ્રી **ભરતભાઇ સલાટ** સાહેબ ઉપસ્થિત રહ્યાં. જેમણે વિદ્યાર્થીઓના પ્રેઝન્ટેશનની સરાહના કરી. તેમણે તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, શાળાએ સર્વ વિદ્યાર્થીઓને એક એવું પ્લેટફોર્મ આપ્યું છે કે જેના દ્વારા તેઓ પોતાની અંદર રહેલી ક્ષમતાને બહાર કાઢી શકે. કેટલીક સૈદ્ધાંતિક બાબતો જે પુસ્તકોમાં હોય છે તેને પ્રયોગના સ્વરૂપમાં રજૂ કરાય, ત્યારે ચોકકસ નવી દિશા પ્રાપ્ત થાય છે.

ઉપસ્થિત મહાનુભવોએ વિદ્યાર્થીના પ્રોજેકટને નિહાળી તેમની સાથે પ્રશ્નોતરી કરી જ્ઞાનનું આદાન પ્રદાન કયું હતું. દિવસ દરમ્યાન આ પ્રોજેકટ નિહાળવા માટે મોટી સંખ્યામાં વાલીશ્રીઓ, અન્ય શાળાના વિદ્યાર્થીઓ, કોલેજના તાલીમાર્થીઓ, શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આવ્યા હતા. શ્રવણ વિદ્યાલયના શિક્ષકો, **શ્રી હરેન્દ્રસિંહ સિંધા (બી.એચ.મોદી સ્કૂલ આચાર્યશ્રી), શ્રીમતિ જયાબેન દલવાડી (પ્રમુખશ્રી સ્ત્રી નિકેતન સંસ્થા), જિલ્લા શિક્ષક તાલીમ ભવનનાં ડૉ. પી.બી. પટેલ, પ્રા. રેખાબેન સેજલિયા, પ્રા. પ્રિતીબેન સંઘવી** વગેરેએ આ પ્રદર્શનને નિહાળ્યું હતું.

સમસ્ત નારાયણ નગર કમિટીનાં **બેચરભાઇ રાઠોડ, ઉત્તમભાઇ મોદી, મુકેશભાઇ પટેલ, કાંતિભાઇ માસ્તર, હરિવદનભાઇ કાયસ્થ, ઇન્દ્રસિંહ બળવંતસિંહ પરમાર, દિલીપભાઇ પરીખ, ઠાકોરભાઇ પંચાલ** વગેરે મહાનુભાવો દ્વારા ઉપસ્થિત રહી **લોકસભાના સાંસદ મા. શ્રી મનસુખભાઇ વસાવા** તથા ધારાસભ્ય**શ્રી રમેશભાઇ મિસ્ત્રી** તથા શાળાનાં ટ્રસ્ટી/પ્રમુખ જેમણે આ વિસ્તારને એક સારુ શૈક્ષણિક સંકુલ આપ્યું છે, તેવા સેવાભાવી અને કર્મઠ **શ્રી જયંતિભાઇ ડી. પંચાલ**નું સન્માન કરવામાં આવ્યું હતું.

ત્રિદિવસીય કાર્યક્રમના અંતે સર્વ શિક્ષકો, અન્ય કર્મચારીગણ, વિદ્યાર્થીઓ દ્વારા દીપ પ્રાગટય થકી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. પૂર્ણાહૂતિમાં **જીલ્લા શિક્ષણાધિકારી શ્રી કિશનભાઇ એફ. વસાવા** તથા (EI) **ભરતભાઇ સલાટ** એ વિદ્યાર્થી અને શિક્ષકોની ઉત્તમ કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યાં હતાં. આ ભવ્ય કાર્યક્રમમાં જોડાનાર શાળા પરિવારના તમામ સભ્યને શાળાના ટ્રસ્ટીશ્રીઓ તરફથી સ્મૃતિચિહ્ન આપવામાં આવ્યું હતું.








## તા.૨૬/૧/૨૩ શાળામાં ૭૪માં પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી

શાળામાં ૭૪ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીશ્રીનાં વરદ્ હસ્તે કરવામાં આવી હતી.જેમાં મુખ્ય મહેમાન **મા.કૃતિકા રણજીતસિંહ ઝાલા** (ડિસ્ટ્રીકટ ઈન્સ્પેકટર, લેન્ડ રેકોર્ડ, વડોદરા G.P.S.C વર્ગ-૨ના અધિકારી),તથા અતિથિ વિશેષ તરીકે **મા.પંચાલ દ્દષ્ટી ઠાકોરભાઇ** (B.Com,L.L.B,L.L.M,એડવોકેટ) **મા.ડૉ. પ્રથિતી નલિનભાઇ ઉનડકટ** (M.B.B.S), **મા.વૈશ્વિક રોનકભાઇ પ્રજાપતિ** B.Tech (I.T.) Sophos Security IT Company),**મા.કૌશલભાઇ રમેશચંદ્ર મહેતા** (B.Com, C.A,Head of Accounts & Finance, Econ-Gmbh,Baroda)ઉપસ્થિત રહ્યા હતા. સાથે તેમના જીવન ઘડતરમાં અમૂલ્ય ફાળો આપનાર તેમના વાલીશ્રી નીલાબા ઝાલા, શ્રી રોનકભાઇ પ્રજાપતિ, શ્રી ઠાકોરભાઇ પંચાલ વગેરે પણ ઉપસ્થિત રહી પોતાના બાળકનાં ગૌરવવંતા કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. ધ્વજારોહણ વિધિ માટે શાળાનાં ધ્વજ નાયક ધો-૭-બ (ગુ.મા.) નાં જયવીરસિંહ રાઠોડ એ મહેમાનશ્રીને નિમંત્રણ આપ્યું હતું. સ્પેશિયલ પોલીસ કેડેટ અને નારાયણ ડિફેન્સ ટ્રેનીગ ના કન્વીનરશ્રી શૈલેન્દ્રસિંહ ગોહિલ તથા સુરેશભાઇ પ્રજાપતિ અને શીલાબેન કરમોકરનાં માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ પરેડ અને રોપ કલાઇમ્બીગ રજૂ કર્યુ હતું.શાળાનાં વિદ્યાર્થીઓએ પ્રજાસતાક પર્વને અનુરૂપ દેશભકિત ગીત તેમજ દેશભકિત આધારિત નૃત્ય રજૂ કર્યા હતાં.પ્રિ.પ્રાયમરી (અં.મા.) નાં બાળકોએ વિવિધ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને દેશનેતાઓની વેશભૂષા રજૂ કરી હતી. તથા શિશુ-૨-બ (ગુ.મા) ના બાળકોએ દેશભકિત અભિનય ગીત રજૂ કર્યુ હતુ. આ ઉપરાંત યોગા (૪-બ ગુ.મા.),ચાઇલ્ડ લેબર (ધો.૬ અં.મા.) સેવ વોટર (ધો.૯ ગું.મા.), દેશભકિત ડાન્સ (૧૧ કોમર્સ ગુ.મા.) વગેરે કૃતિઓ રજૂ થઇ હતી. શાળાનાં આચાર્યશ્રી તથા મહેમાનશ્રીએ પ્રસંગોચિત પ્રેરણાદાયી ઉદ્‌બોધન કર્યુ હતું. અંતે દેશભકિતનાં નારા બોલાવી આભાર વિધિ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના ડાયરેકટરશ્રી ડૉ.ભગુભાઇ આઇ. પ્રજાપતિ (નોનગ્રાન્ટેડ વિભાગ), ઇન્ચાર્જ આચાર્યા શ્રીમતિ બિનીતાબેન ગોહિલ, અંગ્રેજી માધ્યમનાં આચાર્યા શ્રીમતિ વિદ્યાબેન રાણાનાં માર્ગદર્શન હેઠળ કન્વીનર શિક્ષકો શૈલેન્દ્રસિંહ ગોહિલ,સુરેશભાઇ પ્રજાપતિ, વંદનાબેન ભાભોર, પૂર્વાબેન પ્રજાપતિ, ઉર્વશીબેન જાની દ્વારા થયું હતું.









**Failure is the opportunity to begin again more Intelligently**